**ક્રિમી.પર.અ.નં. ૧૨૫/૨૦૨૬.**

**ઓલપાડ પો. સ્ટે. ગુ.ર.નં.૧૧૨૧૪૦૪૨૨૫૨૨૪૯/૨૦૨૫ ના કામે અરજદાર હિતેશભાઈ લાલજીભાઈ સોલંકી, રહે. : સાયણ, ભકિતધારા સો. વિભાગ–૨, તા.ઓલપાડ, જી.સુરતનાઓની મુદ્દામાલ પરત મેળવવાની અરજી ઉપરનો હુકમ.**

---------------------------------------

**–:: આંક– ૧ લગત હુકમ ::–**

સદર અરજી અરજદાર **હિતેશભાઈ લાલજીભાઈ સોલંકી, રહે.: સાયણ, ભકિતધારા સો. વિભાગ–૨, તા.ઓલપાડ, જી.સુરતના**ઓનું મુદ્દામાલ વાહન **SUZUKI MOTORCYCLE INDIA PVT LTD ACCESS 125 SE** કે જેનો રજીસ્ટ્રેશન નં. **GJ-05-TX-5034** છે તથા ચેસીસ નંબર **MB8EAN11AFS8426903** છે તથા એન્જીન નં. **AF266203696** છે તે **ઓલપાડ પો. સ્ટે. ગુ.ર.નં.૧૧૨૧૪૦૪૨૨૫૨૨૪૯/૨૦૨૫**ના કામે **ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૧૧૫ (૨), ૧૧૮, ૧૧૮ (૨), ૩૫૨, ૩૫૧ (૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫** મુજબના ગુનાના કામે પોલીસે કબજે લીધેલ છે, તે કેસના આખરી નિર્ણય સુધી વચગાળાની કસ્ટડીમાં મેળવવા **બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭** અન્વયે કરેલી છે.

અરજદારના વિ.વકીલશ્રી યુ.એસ.પટેલ તથા ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

અરજદારના વિ.વકીલશ્રીએ રજુઆત કરતા જણાવેલ છે કે, સદર મુદ્દામાલ અરજદાર પાસેથી ઓલપાડ પોલીસે ખોટી રીતના અટક કરી મુદ્દામાલ કબજે કરેલ છે અને ખોટી રીતના કબજે કરી પોતાની પાસે રાખેલ છે. સદર મુદ્દામાલ હાલ ઓલપાડ પોલીસ સ્ટેશનમા ખુલ્લામાં પડી રહેલ છે જેથી તેમના ટાયર, ટયુબને નુકશાન થાય તેમ છે. સદર મુદ્દામાલ અરજદાર/આરોપી તેમના વેપાર, ધંધા અર્થે તથા સામાજીક કામે આવવા જવા ઉપયોગ કરે છે. સદર મુદ્દામાલ બોન્ડ ઉપર મુકત કરવામાં ન આવે તો

અરજદારને આર્થિક નુકશાન થાય તેમ છે. જેથી અરજદારને યોગ્ય રકમના બોન્ડ ઉપર મુદ્દામાલ પરત કરવામાં આવે તો અને કેસની ટ્રાયલ દરમ્યાન જયારે જરૂરત પડે ત્યારે તેઓ રજુ કરશે.

અરજદાર તરફે તેઓનો મુદ્દામાલ હોવા સબંધે રજુ કરેલ દસ્તાવેજોમાં મુદ્દામાલ વાહનની આર.સી.બુકની ઝેરોક્ષ નકલ, અરજદારના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે તે તમામની હકીકતો ધ્યાનમાં લેતાં અરજદાર મુદ્દામાલ **SUZUKI MOTORCYCLE INDIA PVT LTD ACCESS 125 SE** ના માલિક હોવાનું જણાય આવે છે. સદર મુદ્દામાલ **SUZUKI MOTORCYCLE INDIA PVT LTD ACCESS 125 SE** તે રોજબરોજના ઉપયોગમાં લેવાનું યાંત્રિક સાધન છે. અને જો તે બિન ઉપયોગી હાલતમાં પોલીસ સ્ટેશનમાં ખુલ્લી જગ્યામાં પડી રહે તો ગાડીના ટ્યુબ, ટાયર વિગેરેને નુકશાન થાય તેમ છે જે ધ્યાને લેતા તેમજ **નામદાર ઉચ્ચ અદાલતનો ચુકાદો એ.આઈ.આર. ૨૦૦૩, સુ.કો.પાના નં. ૬૩૫, સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદાના સિધ્ધાંતોને પણ ધ્યાનમાં રાખતા મુદ્દામાલ પરત સોંપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે, તેમજ આ કામે પોલીસ તપાસ પુર્ણ થઈ ચાર્જશીટ થઈ ગયેલ છે તેનો ફોજદારી કેસ નં.૩૫૪/૨૦૨૬ છે તે તમામ સંજોગોમાં મુદ્દામાલ **SUZUKI MOTORCYCLE INDIA PVT LTD ACCESS 125 SE** યોગ્ય રકમના બોન્ડ પોલીસ સ્ટેશને રજુ કર્યેથી તથા શરતોને આધિન અરજદારને કેસના આખરી નિર્ણય સુધી વચગાળાની કસ્ટડીમાં સુપ્રત કરવું ન્યાયી જણાતું હોઈ, નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

અરજદારની અરજી **બી.એન.એસ.એસ.ની કલમ-૪૯૭** અન્વયે મંજુર કરી મુદ્દામાલ વાહન **SUZUKI MOTORCYCLE INDIA PVT LTD**

**ACCESS 125 SE** કે જેનો રજીસ્ટ્રેશન નં. **GJ-05-TX-5034** છે તથા **ચેસીસ નંબર MB8EAN11AFS8426903** છે તથા એન્જીન **નં. AF266203696 છે,** તે મુદ્દામાલ અરજદારને મુદ્દામાલ પાવતીમા જણાવેલ કિંમતથી દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમના બોન્ડ પોલીસ સ્ટેશનમા રજુ કર્યેથી વચગાળાની કસ્ટડી તરીકે **અરજદાર હિતેશભાઈ લાલજીભાઈ સોલંકી, રહે. : સાયણ, ભકિતધારા સો. વિભાગ–ર, તા.ઓલપાડ, જી.સુરતના**ઓને નીચેની શરતોએ સુપ્રત કરવા હુકમ કરવામાં આવે છે.

// શ ર તો //

૧) અરજદારે મુદદામાલ કેસના આખરી નિર્ણય સુધી કોઈને ગિરો, બક્ષિસ કે વેચાણથી તબદીલ કરવું, કરાવવું નહિં.

ર) અરજદારે મુદદામાલના મુળ સ્વરુપમાં કોઈ ફેરફાર કરવો નહિં.

૩) અરજદારે મુદદામાલ જયારે કોર્ટ ફરમાવે ત્યારે રજુ કરવું.

૪) અરજદારે મુદદામાલનો કોઈ ગુનાના કામે ઉપયોગ કરવો–કરાવવો નહી.

પ) તપાસ કરનાર અમલદારે ફોટા પાડી તપાસના કામે ચાર્જશીટ સાથે રજુ કરવા.

હુકમ આજરોજ તા.રપ મી, માહે–માર્ચ, સને–ર૦ર૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.રપ/૦૩/ર૦ર૬.
ઓલપાડ.

(શ્રીમતી નયનાબેન દિવાકર શર્મા)
પ્રિન્સીપાલ સીની.સીવીલ જજ અને
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ ઓલપાડ.
Code No. GJ00555